# ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ,
# ૩૦મો ઈનામવિતરણ –વાર્ષિકોત્સવ સમારોહ
# વાર્ષિક અહેવાલ
# શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ – ૨૦૨૩
# ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩

ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજના ૩૦ મા વાર્ષિકોત્સવ અને ઈનામવિતરણ સમારોહમાં આપ સૌનું સ્વાગત છે. IQAC કમિટિના કોઓર્ડીનેટર હોવાને નાતે, હું, ડૉ. પ્રણવ જોશીપુરા, કોલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં આપણી કોલેજમાં બૌદ્ધિક, સાંસ્કૃતિક, અભ્યાસપૂરક તેમજ અભ્યાસેતર બહુવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. તેમજ જે સિધ્ધિઓએ કોલેજને ગૌરવ અપાવ્યું છે તેનો અહેવાલ અત્રે રજુ કરું છું.

અધ્યાપકસજ્જતા એ સંસ્થાના વિકાસનું અગત્યનું એકમ છે. આ કોલેજનો સમગ્ર અધ્યાપકગણ કર્તવ્યનિષ્ઠ તથા તેજસ્વી છે. સમગ્ર વર્ષ દરમ્યાન અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય પરિસંવાદો તથા સંગોષ્ઠીઓમાં શોધપત્રો રજૂ કરવા, ફેકલ્ટી ડેવેલપમેન્ટ પ્રોગ્રામ્સમાં હાજરી, બોર્ડ ઓફ સ્ટડીઝમાં જુદાજુદા પદો પર સેવા આપવી, વિષય નિષ્ણાત તરીકે અન્ય સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપવા, જુદાજુદા વિશ્વવિદ્યાલયમાં એમ.ફીલ, પી.એચડી.ના રેફરી અને માર્ગદર્શક તરીકેની કામગીરી કરવી, ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજિત અધ્યાપક ભરતી સમિતિમાં વિષય નિષ્ણાત તરીકે કામગીરી, ગુજરાત સરકારશ્રી દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જીપીએસસી આયોગના પ્રતિનિધિ તરીકે ફરજ, ભારત સરકારના ચૂંટણી કમીશન દ્વારા યોજેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ફરજ, સાથેસાથે કોલેજમાં પોતપોતાના વિભાગમાં સઘન અધ્યાપન અને વિદ્યાર્થીલક્ષી વિભાગીય પ્રવૃતિઓ વગેરે તમામ અધ્યાપકશ્રીઓ ખંત તેમજ પરિશ્રમથી કરે છે.

આ વર્ષે અંગ્રેજી વિષયના અધ્યક્ષ ડૉ. મીતાબેન શાહે 'ગ્રીન રેશનલ: ઈકોક્રીટીકલ સ્ટડી ઓફ સિલેક્ટેડ પોએમ્સ ઓફ કાલિદાસ, ઈમરસન એન્ડ ફ્રોસ્ટ' વિષય પર શોધ નિબંધ લખીને સાબરમતી યુનિવર્સીટી દ્વારા Ph. D. ની ડીગ્રી પ્રાપ્ત કરી. ડૉ. મીતાબેનને અભિનંદન.

આ વર્ષે કોલેજે ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટયૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક GSIRFમાં નોમિનેશન કર્યું અને કોલેજની અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને ઉજ્જવળ 'થ્રી સ્ટાર' સ્ટેટસ પ્રાપ્ત કર્યું, તદુપરાંત, આપણી કોલેજે AQAR અને AISHE યુજીસીને સફળતાપૂર્વક સબમિટ કર્યા. IQAC સમિતિને ખુબ ખુબ અભિનંદન.

**<u>પરીક્ષાના પરિણામોની</u>**

Scanned with ACE Scanner

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત યુનિવર્સીટીના પરિણામોની સરખામણીમાં આપણી કોલેજના પરિણામો ખૂબ જ ઊંચા રહ્યા છે. આ પરિણામો અધ્યાપકશ્રીઓની નિષ્ઠા તથા વિદ્યાર્થીઓની મહેનત તથા પ્રગતિના માર્ગે આગળ ધપવાનો સંકલ્પ સુસ્પષ્ટ કરે છે. એપ્રિલ-મે ૨૦૨૨માં યોજએલ સેમેસ્ટર II, IV અને VI ગુજરાત યુનિવર્સીટી પરીક્ષાના પરિણામો આ પ્રમાણે રહ્યા –

| ક્લાસ અને સેમેસ્ટર | ગુજરાત યુનિવર્સીટી પરિણામ | કોલેજ પરિણામ |
|---|---|---|
| FYBA Sem II | 77.57% | 91.87% |
| SYBA Sem IV | 87.06% | 93.86% |
| TYBA Sem VI | 73.15% | 90.04% |
| FYBCom Sem II | 70.58% | 82.11% |
| SYBCOM Sem IV | 82.50% | 92.43% |
| TYBCom Sem VI | 70.38% | 90.90% |
| MA Sem II | 86.15% | 100% |
| MA Sem IV | 80.38% | 100% |

ગુજરાત યુનિવર્સીટીની આર્ટ્સ Semester II ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનીવર્સીટીમાં **પ્રથમ** ક્રમે **જાનકી ઝાલા, દસમાં** ક્રમે **તહેમીન અન્સારી** તેમ જ **સોળમાં** ક્રમે **વિશ્વા જાદવે** ઉત્તીર્ણ થઈને સમગ્ર કોલેજને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન... આ ત્રણેય વિદ્યાર્થીનીઓ અંગ્રેજી વિષયના વિદ્યાર્થીનીઓ છે.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨મા યોજએલ સેમેસ્ટર I, III અને V ગુજરાત યુનિવર્સીટી પરીક્ષાના પરિણામોમાં BA અને B.Com. સેમેસ્ટર V ના પરિણામો આ પ્રમાણે રહ્યા

| ક્લાસ અને સેમેસ્ટર | ગુજરાત યુનિવર્સીટી પરિણામ | કોલેજ પરિણામ |
|---|---|---|
| TYBA Sem V | 82.77% | 90.19% |
| TYBCom Sem V | ૮૧.૩૬% | ૮૦.૦૦% |

ગુજરાત યુનિવર્સીટીની આર્ટ્સ Semester V ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનીવર્સીટીમાં **પંદરમા** ક્રમે મનોવિજ્ઞાન વિષયના **નિધિ વનસાડીયા** અને **છવ્વીસમા** ક્રમે અર્થશાસ્ત્ર વિષયના **હિરલ નાગોલ** તદુપરાંત કોમર્સ વિષયના **ઉર્વી વિરાણીએ** સમગ્ર ગુજરાત યુનીવર્સીટીમાં **તેતાળીસમા** ક્રમે ઉત્તીર્ણ થઈને સમગ્ર કોલેજને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન...

**કોલેજની અભ્યાસપૂરક પ્રવૃત્તિઓની સિધ્ધિઓ પણ વિશિષ્ટ છે.**

**NCC**

આ વર્ષે NCC અંતર્ગત અનેક પ્રવૃત્તિઓ થઈ:

- તા. ૨૧ જૂનના રોજ યોગ દિવસના કાર્યક્રમમાં ૨૫ કેડેટ્સે ભાગ લીધો;

Scanned with ACE Scanner

- તા. ૨૧ ઓગસ્ટે દેશ ભક્તિ તિરંગા ગીતમાં ૧૪ કેડેટ્સે ભાગ લીધો;
- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાએલ 'રન ફોર તિરંગા'માં ૪૫ કેડેટ્સે ભાગ લીધો;
- ગુજરાત ખાતે યોજાએલ નેશનલ ગેમ્સમાં ૫ કેડેટ્સે વોલન્ટીયર તરીકે સેવા આપી;
- કોલેજ ખાતે યોજેલ સેલ્ફ-ડિફેન્સ વર્કશોપમાં ૪૭ કેડેટ્સે હાજરી આપી;
- તા. ૮ ડીસેમ્બરના રોજ યોજાએલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫ કેડેટ્સે ભાગ લીધો.

**NCC ના વિવિધ કેમ્પની માહિતી:**

- તા. ૨૫.૬ થી ૪.૭.૨૦૨૨ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC કેમ્પમાં ૪ કેડેટ્સે હાજરી આપી;
- તા. ૨૨.૮ થી ૨૯.૮.૨૦૨૨ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC કેમ્પમાં ૫ કેડેટ્સે હાજરી આપી;
- તા.૧.૧૨ થી ૮.૧૨.૨૦૨૨ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC કેમ્પમાં ૧૦ કેડેટ્સે હાજરી આપી;

**NCC 'B' અને 'C' સર્ટીફીકેટ પરીક્ષા:**

- તા. ૭.૨.૨૦૨૩ના રોજ NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ 'B' સર્ટીફીકેટ પરીક્ષામાં ૧૬ વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ;
- તા. ૧૨.૨.૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે યોજાએલ 'B' સર્ટીફીકેટ પરીક્ષામાં અન્ય ૧૬ વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ;
- તા. ૧૪.૨.૨૦૨૩ના રોજ NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ 'C' સર્ટીફીકેટ પરીક્ષામાં ૧૭ વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ;
- SLU Arts College for Women, અમદાવાદ ખાતે યોજાએલ 'C' સર્ટીફીકેટ પરીક્ષામાં અન્ય ૧૭ વિદ્યાર્થીનીઓ ઉતીર્ણ થઇ;

કોલેજના NCC ANO લેફ્ટનન્ટ ડૉ. શ્રુતીબેન સુથાર અને સમગ્ર NCC કમિટીને અભિનંદન.

## NSS

**NSS રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ખુબ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી. જે નીચે મુજબ છે:**

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે પ્રા. પાયલબેન પંડયાએ સમગ્ર સ્ટાફ અને ૩૦૦ વિદ્યાર્થીનીઓને યોગની તાલીમ આપી;
- તા. ૧૬ જુલાઈના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજેલ;
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી અને સાયબર ક્રાઈમ વિભાગ, ગાંધીનગરના સહયોગથી 'સાયબર ક્રાઈમ લોક જાગૃતિ' કાર્યક્રમ અંતર્ગત પોલીસ ઇન્સ્પેક્ટર હેમંતભાઈ પંડયા અને મનીષભાઈ ઠાકર દ્વારા મોબાઇલના ઉપયોગમાં કઈ બાબતનું વિશેષ ધ્યાન રાખવું તે અંગે માર્ગદર્શન આપ્યું;

Scanned with ACE Scanner

- તા. ૫ ઓગસ્ટ રોજ આઝાદીના અમૃત મહોત્સવ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તિરંગા રેલી, શપથ સમારોહ, તેમજ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી.
- NSS વિભાગ ગુજરાત યુનિવર્સીટી દ્વારા ભાણપુર ખાતે આયોજિત 'ઇન્ટર કોલેજ ઝોનલ કેમ્પ'માં દીપિકા રાઠોડ અને ઉર્મિલા ઠાકોરે ભાગ લીધો;
- ગુજરાત રાજ્ય NSS દ્વારા પાટણ ખાતે NSS ડે ઉજવણીમાં હેત્વી માકાણી, તેજસ ડાભી, મિત્તલ સોલંકી અને નીતા સોલંકીએ ભાગ લીધો;
- તા. ૧૫ ઓક્ટોબરના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય સર્વ નેતૃત્વ અને NSS વિભાગ દ્વારા આયોજિત 'દિવાળી ડોનેશન ડ્રાઈવ' કાર્યક્રમમાં જરૂરીયાતમંદને જુનાં પણ સારા વસ્ત્રો એકઠાં કરી દાન કર્યું;
- મતદાન જાગૃતિ અંતર્ગ્રત મતદાન જાગૃતિ રેલી, મતદાન અંગે શપથ, અને ઘેર ઘેર જઈને લોકોને મતદાન કરવા અંગે જાગૃત કર્યાં;
- કડી સર્વ વિદ્યાલય અને ઈન્ડિયન રેડક્રોસ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં નિશા રાઠોડ અને ત્વીશા મકવાણાએ રક્તદાન કર્યું;
- વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત ચૂંટણી પ્રક્રિયા નિદર્શન કાર્યક્રમ તા. ૩ ડીસેમ્બરના રોજ યોજવામાં આવ્યો. જેમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન NSSની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ;
- ૧૩ જાન્યુઆરી ૨૦૨૩માં કોલેજ કેમ્પસ સફાઈ, વિવિધ ડેની ઉજવણી, NSS દ્વારા ડોનેશન ડેની ઉજવણી કરેલ;
- એમ. બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજ, અમદાવાદ ખાતે નેતૃત્વ અને વ્યક્તિ વિકાસ વિષય પર યોજાયેલ ઈન્ટર કોલેજ સ્ટુડન્ટ્સ સેમિનારમાં કોલેજની પાંચ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો;
- પર્યાવરણ જાળવણી અને પ્લાસ્ટિક મુક્ત ભારત અંતર્ગત તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ રેલી યોજીને પ્લાસ્ટિક કચરો એકઠો કર્યો અને લોકોને જાગૃત કર્યાં;
- ગાંધીનગર મ્યુનીસીપલ કોર્પોરેશન આયોજિત સ્વચ્છ ગાંધીનગર કાર્યક્રમમાં ચિત્ર સ્પર્ધામાં આદીટ્રવીડ લક્ષ્મીએ ભાગ લીધો.
- પ્રોગ્રામ ઓફીસર વર્કશોપ તેમ જ માર્ગ સલામતી તાલીમ કાર્યક્રમમાં ડૉ. મુકેશચંદ્ર ગોરે તાલીમ લીધી.

સમગ્ર વર્ષ દરમ્યાન NSS એકમને પ્રવૃત્તિમય રાખવા બદલ NSS પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડો. મુકેશચંદ્ર ગોર અને NSS સમિતિને ખુબ ખુબ અભિનંદન.

## Sports

આ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આપણી કોલેજ રમતગમતની વિવિધ પ્રવૃતિઓ ધમધમતી રહી.

કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજિત ચેસ, બોક્સિંગ, જુડો, કુસ્તી, કબડ્ડી, એથ્લેટિક્સ જેવી રમતોમાં ભાગ લીધો. જેમાં

- બોક્સિંગ રમતમાં વૈશાલી પટેલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો; અને

Scanned with ACE Scanner

- જુડો રમતમાં ફાલ્ગુની રાઠોડે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉજ્જવળ દેખાવ કર્યો.

- બોક્સિંગ રમતમાં કોલેજની વિદ્યાર્થીની વૈશાલી પટેલ સમગ્ર ગુજરાતમાં ત્રીજા ક્રમે રહીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો;
- જીલ્લા કક્ષાએ કુસ્તીની રમતમાં હેત્વી માકાણી અને પ્રાર્થના ભગત પ્રથમ ક્રમે વિજેતા થયા;
- ઉર્વી સાકરીયાએ બરછી ફેંકમાં અને હેન્ડબોલ ટીમમાં રાજ્યકક્ષાએ ભાગ લીધો;
- ચક્ર ફેંક અને ગોળા ફેંકમાં કેયુરી પટેલ પ્રથમ ક્રમે વિજેતા થયા;

ઓપન મહિલા ફૂટબોલ ટુર્નામેન્ટમાં ઉર્વશી ઠાકોર, દિશા રબારી, ઉપાસના પટેલ અને ભાવના દેવાંશી રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા.

ગોવા ખાતે યોજાયેલ ઓપન નેશનલ ડ્યુ-બોલ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ ઉપાસના પટેલે કર્યું.

દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજમાં Sports Day નું આયોજન કરવામાં આવ્યું. જેમાં લગભગ ૪૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ચેસ, કેરમ, ૧૦૦ મિટર દોડ, ગોળા ફેંક, શટલ રન, ફ્રોગ જમ્પ, રસ્સા ખેંચ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં સમગ્ર સ્પોર્ટ્સ ડેના પરફોર્મન્સના આધારે ઉર્વશી ઠાકોર **બેસ્ટ એથલીટ** તરીકે પસંદગી પામે છે.

સ્પોર્ટ્સ વિભાગના પ્રાધ્યાપકશ્રી હરેશભાઈ પટેલ તથા સમગ્ર સ્પોર્ટ્સ કમિટીનેને અભિનંદન.

**યુવક મહોત્સવ:-**

ગુજરાત યુનિવર્સિટી ચાર વિભાગમાં યુવક મહોત્સવ એટલે કે યુથ ફેસ્ટીવલનું આયોજન કરે છે. પ્રત્યેક વિભાગમાં લગભગ ૪૦ જેટલી કોલેજો ભાગ લે છે. આ વર્ષે તા. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના યજમાન પદે એલિસબ્રિજ નોર્થઝોનની યુવક મહોત્સવની સ્પર્ધાઓમાં કુલ ૩૨ સ્પર્ધાઓમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આપણી કોલેજમાંથી કુલ ૪૮ વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

જે પૈકી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ક્રિષ્ના દેસાઈ, કાર્ટુનીંગમાં આરતી આસોડિયા, વકતૃત્વમાં શ્રુતિ રાવલ, ડીબેટમાં શ્રુતિ રાવલ અને જાનકી ઝાલા, ઈન્સ્ટોલેશનમાં દિયા પટેલ, ક્રિષ્ના દેસાઈ, આરતી આસોડિયા અને રીંકુ રાણા તેમ જ સ્કીટમાં રૂપલ દેસાઈ, ઉર્વશી ઠાકોર, પ્રિયાંશી શુક્લ, અંજલી પાંડે, પ્રાર્થના ભગત અને શીતલ પરમાર બેસ્ટ થ્રીમાં પસંદગી પામ્યા.

Scanned with ACE Scanner

ગુજરાત યુનિવર્સીટી ઇન્ટર ઝોનલ યુથ ફેસ્ટીવલ તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન ખ્યાતિ કોલેજ ઓફ નર્સિંગના યજમાનપદે યોજાયો. જેમાં પોસ્ટર મેકિંગમાં ક્રિષ્ના દેસાઈ સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું અને ડીબેટ સ્પર્ધામાં શ્રુતિ રાવલ અને જાનકી ઝાલા તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાષ્ટ્રીય સ્થાને

તદુપરાંત ઓલ ઇન્ડિયા વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સીટી સ્પર્ધામાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ક્રિષ્ના દેસાઈ પસંદગી પામીને સમગ્ર કોલેજનું ગૌરવ વધાર્યું છે.

તમામ વિદ્યાર્થિનીઓ તથા યુવક મહોત્સવ કમિટીના ઇન્ચાર્જ પ્રા.પાયલબહેન પંડ્યા તથા કમિટીના સભ્યોને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.

**MoU:**

યુજીસી તથા નવી શિક્ષણ નીતિની ભલામણોને આધીન આપણી કોલેજે સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ, ગાંધીનગર અને એસ. ડી. આર્ટસ અને શાહ બી. આર. કોમર્સ કોલેજ, માણસા સાથે ફેકલ્ટી અને વિદ્યાર્થી એક્ષ્ચેન્જ, IQAC, NAAC અને Short Term Certificate Course જેવા આયામોને લઈને Memorandum of Understanding કર્યાં.

MoU અંતર્ગત તા. ૨૨ ડીસેમ્બરના રોજ માણસાથી ૮ વિદ્યાર્થીઓ અને ચાર અધ્યાપકો આ કોલેજમાં આવીને શિક્ષણ કાર્યમાં જોડાયા

તા. ૩૦ ડીસેમ્બરના રોજ આપણી કોલેજની ૮ વિદ્યાર્થીનીઓ અને પાંચ અધ્યાપકો માણસા કોલેજ ખાતે MoU અંતર્ગત શિક્ષણ કાર્યમાં જોડાયા.

સમર્પણ કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ આ કોલેજની 'સંવાદ' પ્રવૃત્તિમાં ભાગ લઈને પોતાની કવિતાઓ રજૂ કરી.

MoU સમિતિના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા અને તમામ સમિતિ સભ્યોને અભિનંદન.

**JOB PLACEMENT**

BCom અને BAમાં છઠ્ઠા સેમેસ્ટરમાં અભાસ કરતી વિદ્યાર્થીનીઓને રોજગારી મળે તે હેતુથી શિક્ષણ વિભાગ અને કેસીજી દ્વારા Job Fair નું આયોજન કરવામાં આવે છે. આપણી કોલેજની આ કમીટીના સભ્યો દ્વારા જુદી-જુદી કંપનીઓમાં જઈને ૧૧૦ જેટલી માર્કેટિંગની જગ્યાઓ લાવવામાં આવી છે. આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૨૩ના રોજ સરકારી કોમર્સ કોલેજમાં રોજગારી મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

કોલેજની જોબ પ્લેસમેન્ટ કમિટિના કોઓર્ડીનેટર પ્રા. હેતલબેન રાવલ અને સમગ્ર કમિટીને અભિનંદન.

**SCOPE**

Scanned with ACE Scanner

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી SCOPE Only Assessment – CEPT Exam અંતર્ગત પ્રથમ સત્રમાં ૨૪ તેમ જ બીજા સત્રમાં ૪૦ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થયા. ફેબ્રુઆરી મહિનાના અંતમાં યોજનાર પરીક્ષામાં ૬૪ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. કમીટીના ઇન્ચાર્જ ડૉ. મીતાબેન શાહને અભિનંદન.

**Self-Defence Workshop:**

9/9/2022 થી 23/9/2022 Time: 10.30 to 12.00 જેમાં ૪૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

**સર્વ નેતૃત્વ શીબીર:**

આ વર્ષે તા. ૨૩/૨/૨૩ થી ૨૮/૨/૨૩ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ શિબિરમાં આપણી કોલેજની ૫ વિદ્યાર્થીનીઓ ભાગ લેવા જઈ રહી છે.

- **ગ્રીન ક્લબ:**

પર્યાવરણ જાળવણી, સંવર્ધન, ગ્રીન ઓડીટ, કાર્બન ઓમીસન, સ્વચ્છતા જેવા વિષયો લઈને સમગ્ર વર્ષ દરમ્યાન પ્રવૃત્તિમય ગ્રીન ક્લબ અંતર્ગત ગુજરાત સરકાર માન્ય નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ કોલેજનું 'ગ્રીન ઓડીટ' કરવામાં આવ્યું અને આ કોલેજને Energy Efficient College થી પ્રમાણિત કરવામાં આવી.

વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે ડૉ. અનિલભાઈ પટેલ અને શ્રી નરેશભાઈ ઠાકરનું 'ગ્રીન ઈનીશીએટીવ' વિષય પર વક્તવ્ય રાખ્યું.

ગ્રીન ક્લબના ૧૩૪ સ્વયંસેવકોએ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી.

ગ્રીન ક્લબના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા અને તમામ સમિતિ સભ્યોને અભિનંદન

- **ઈનોવેશન ક્લબ:**

તાજેતરમાં ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ અને કેસીજી અંતર્ગત શરૂ કરાયેલ ઇન્નોવેશન ક્લબ આપણી કોલેજમાં કાર્યરત છે. આ ક્લબના માધ્યમથી વ્યવસાય ક્ષેત્રે વિદ્યાર્થીનીઓમાં પડેલ આંતરિક શક્તિઓ અને આંતરસૂઝ બહાર લાવવાની પ્રવૃત્તિ થાય છે. આ ક્લબના કોઓર્ડીનેટર ડૉ. રાકેશ પ્રજાપતિએ ૮ સપ્ટેમ્બરના રોજ એક દિવસીય શીબીર અને ૧૮.૧૨ થી ૨૩.૧૨.૨૨ દરમ્યાન કેસીજી ખાતે 'FDP in Innovation' ની તાલીમ લીધેલ છે. એમણે અભિનંદન.

**સંવાદ:**

વિદ્યાર્થિનીમાં સાહિત્યિક વાંચન-લેખન તથા શ્રેષ્ઠ પુસ્તકોનો પરિચય અને વાંચન થાય તેમજ વિદ્યાર્થિનીઓએ પોતે લખેલ સર્જનાત્મક સાહિત્યનું પઠન કરાવતી પ્રવૃત્તિ એટલે 'સંવાદ'. તા. ૨૭ જુલાઈના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિના કાર્યક્રમમાં ૩૭ વિદ્યાર્થીનીઓએ સ્વરચીત સાહિત્યનું પઠન કર્યું.

Scanned with ACE Scanner

વિદ્યાર્થીનીઓને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બનેલ ઘટના પરની ફીલ્મ 'ધ પીઆનીસ્ટ' બતાવવામાં આવી. 'સંવાદ'ની પાંચ વિદ્યાર્થીનીઓ અમરાપુર ખાતે યોજેલ રાજ્ય કક્ષાનાયુવા વિકાસ શિબિરમાં ભાગ લીધો.

સંવાદ સમિતિ સભ્યોને અભિનંદન.

**બેસ્ટ રીડર એવોર્ડ**

જે વિદ્યાર્થિનીઓએ પુસ્તકાલયનો મહતમ ઉપયોગ કર્યો હોય, તેઓના ઈન્ટરવ્યુ લઈને એક વિદ્યાર્થિની આર્ટસ તથા એક કોમર્સમાંથી પસંદ કરી રૂ. ૫૦૧નું રોકડ ઇનામ હિન્દી વિષયના પૂર્વ અધ્યક્ષા ડૉ. બિન્દુબેન ભટ્ટ તરફથી આપવામાં આવે છે. આ વર્ષે આર્ટસ વિભાગમાંથી ઉર્વશી ઠાકોર તથા કોમર્સ વિભાગમાંથી નિધિ ચૌધરીને બેસ્ટ રીડર જાહેર કરવામાં આવ્યાં છે. બંનેને અભિનંદન. કમિટી ઇન્ચાર્જ ડૉ કુ. મયુરીબહેન અને કમીટીના સભ્યોને અભિનંદન.

**બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ**

કોલેજના ત્રણ વર્ષ દરમ્યાન જે વિદ્યાર્થિનીએ યુનિવર્સીટીની પરીક્ષાઓમાં ઉજજવળ પરિણામો પ્રાપ્ત કરવાની સાથેસાથે કોલેજમાં ચાલતી અભ્યાસેતર તથા અભ્યાસપપૂરક પ્રવૃતિઓમાં પણ વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું હોય, તેઓના આવેદનપત્ર મંગાવીને રૂબરૂ ઇન્ટરયુ લઇને આર્ટસ તથા કોમર્સ વિભાગમાંથી એક-એક વિદ્યાર્થિનીની પસંદગી બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ માટે કરવામાં આવે છે. આ વર્ષે આર્ટસ વિભાગમાં ગૌરીબા ચાવડા તથા કોમર્સ વિભાગમાં ઉર્વી વિરાણી ~~આ એવોર્ડ માટે પસંદગી પામ્યાં છે~~ તથા આ વર્ષથી રૂ. ૫૦૧નું રોકડ ઇનામ IQAC કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા દ્વારા આપવામાં આવે છે. બંનેને કોલેજ પરિવાર શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવે છે તથા કમિટીના ઇન્ચાર્જ ડૉ. ભરતભાઈ તડવી તથા અન્ય સભ્યોને અભિનંદન.

આ સિવાય પ્રવેશોત્સવ, ગુરુપૂર્ણિમા ઉજવણી, સ્પોર્ટ્સ ડે, ટીચર્સ ડે સેલિબ્રેશન, મહેંદી હરિફાઇ, રાખડી બનાવવાની સ્પર્ધા, વિવધ 'ડેઝ'ની ઉજવણી, નવરાત્રી ગરબા, કલશોર સાંસ્કૃતિક કાર્યક્રમ, વાર્ષિકોત્સવ વગેરે કાર્યકમોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. તેમજ વિવિધ વિભાગો અને સમિતિઓ દ્વારા દિવસોની ઉજવણી, શોર્ટ ટર્મ સર્ટીફીકેટ કોર્ષ, વિવિધ તાલીમો, વિદ્યાર્થી કાઉન્સેલીંગ અને મેન્ટરીંગ, સેમિનાર, પ્રોજેક્ટ્સ, એસાઈન્મેન્ટ જેવી વિવિધ શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ જીવંત બની રહયું.

આ અનોખી સિધ્ધિઓ બદલ સમગ્ર કોલેજ પરિવાર તરફથી તમામને અભિનંદન પાઠવીએ છીએ.

આભાર.

Scanned with ACE Scanner